જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦        ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૨/૧૩ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>        <u>સમાચાર યાદી નં.૩૭૯૨/૧૩</u>

**<u>વટવા પો.સ્ટે</u> .:-**

૧.  વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં ૫૯૩/૨૦૧૩ ઇપીકો કલમ ૩૭૬.૪૫૨.૫૦૬)૧.(૧૧૪ મુજબ નાકામે મુખ્ય આરોપી સિરાજ ઉર્ફે શેરાજ સ/ઓ મોહમદ સલીમ ઉ વ ૨૮ રહે મણીલાલની ચાલી દાઉદભાઇના મકાનમાં પન્ના એસ્ટેટ બાપુનગર અ’વાદ શહેર નાઓને અત્રેના પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી બી.એમ.પનારિયા સાહેબ નાઓને તપાસ દરમ્યાન વટવા પોલીસ સ્ટેશન  વિસ્તારમાંથી તા ૧૬/૧૨/૨૦૧૩ ના કલાક ૨૦/૧૫  વાગે  પકડી અટક કરી જરૂરી કાયદેસરની કાર્યવાહી ચલાવી રહેલ છે.

૨.  વટવા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં ૩૬૪૩/૨૦૧૩ ધી આર્મ્સ એકટ કલમ ૨૫)૧)(બી)(એ ( મુજબ ના કામે હકીકત એવી છે કે વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પો.સ.ઇ .શ્રી આર.એ.સોઢા તથા હે.કોન્સ નરેન્દ્રસિંહ ખુમાનસિંહ બ.નં.૩૭૨૬ તથા પો.કોન્સ ઇકબાલ અબ્દુલકરીમ બ.નં.૯૫૨૯ તથા પો.કોન્સ અબ્દુલવાહીદ અમીરઉલ્લાખાન બ.નં.૮૩૧૧ તથા પો.કો અબ્દુલ લતીફ દિનમંહમદ બ.નં.૯૪૪ તથા અ.પો.કો મહેન્દ્રસિંહ રમેશદાન બ.નં.૯૫૫૨ તથા પો.કો શૈલેષકુમાર પ્રવિણસિંહ બ.નં.૫૩૫૬ નાઓ સાથે પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન કલાક ૨૦/૩૦ વાગે પો.કોન્સ અબ્દુલવાહીદ અમીરઉલ્લાખાન બ.નં.૮૩૧૧ નાઓને બાતમી હકીકત મળેલ જે આધારે સદાની ધાબી કેનાલ રોડ પાસેથી આરોપી સદ્દામ હુસેન સન/ઓફ મહમદ મુસ્તફા જાતે અંસારી ઉવ ૧૯ રહે ફેસલ પાર્ક બોમ્બેહોટલ સામે જહુર આલમના મકાનમાં દાણીલીમડા અવાદ શહેર નાને સ્ટાફના ઉપરોક્ત

માણસોથી કોર્ડેન કરી અંગ ઝડતી કરતાં એક હાથ બનાવટનો દેશી તમંચો જેની કિ.રૂ.૧૫૦૦ -/ ગણી શકાય તે મળી આવેલ જે રાખવા બદલનુ સદરી આરોપી પાસે પાસ પરમીટ ન હોવાથી પંચનામાં વિગતે કબ્જે કરી તા ૧૬/૧૨/૨૦૧૩ ના કલાક ૨૧/૩૦ વાગે પકડી અટક કરી જરૂરી કાયદેસરની કાર્યવાહી આગળની વધુ તપાસ ચાલુ છે.

૩. વટવા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં ૫૩૪૬/૨૦૧૩ ધી પ્રોહી કલમ ૬૬ બી.સી.ડી.ઇ.એફ., ૬૫ઇ , ૮૧ મુજબ ના કામે હકીકત એવી છે કે અમો તથા પો.સ.ઇ .શ્રી બી.એમ પનારિયા નાઓ સાથે નારોલ પોલીસ ચોકી ખાતે હાજર હતાં દરમ્યાન શ્રી પી..સી.બરડા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ અમદાવાદ શહેર તથા શ્રી રાણા ઇન્ચાર્જે મદદનીશ પોલીસ કમિશ્નર જે વિભાગ અમદાવાદ શહેર નાઓની બાતમી હકીકત તેમજ કાયદેસર કાર્યવાહી કરવાની સૂચના આધારે અત્રેના પો.સ્ટેના સર્વે લન્સ સ્કોર્ડના હે.કોન્સ મહેશભાઇ પુજાભાઇ બ.નં.૭૯૨૪ તથા પો.કોન્સ છત્રસિંહ બળવંતસિંહ બ.નં.૭૫૨૭ તથા પો.કોન્સ ભરતસિંહ સરદારસિંહ બ.નં.૮૩૪૫ તથા વુ.પો.કો જ્યોતીબેન કાળીદાસ બ.નં .૫૨૬૮ નાઓ સાથે બાતમી હકીકત તથા સૂચના આધારે તપાસ કરતાં આરોપી લખીબેન મંગાભાઇ ચુનારા રહે વનઝારાવાસ નારોલગામ વટવા અ’વાદ શહેર ની વણઝારાવાસ તલાવડી નારોલ ગામ ખાતે દેશીદારુ ૩૫૫ લીટર જેની કિ રુ.૭૧૦૦ -/તથા નવસાર ૨૦ કિ ગ્રા જેની કિ રૂ ૧૬૦૦ -/તથા ૨૦ કિ.ગ્રા ના ૩૧ ગોળના કટ્ટા જેની કિ રૂ ૧૫૫૦૦ -/ તથા ૩૭૫૦ લીટર વોસ જેની કિ રૂ ૭૫૦૦ -/તથા ૫ નંગ પીપડા જેની કિ રૂ ૫૦૦ -/પ્લાસ્ટીકની પાઇપ નંગ ૫ જેની કિ રૂ ૦૦ -/આમ દેશીદારૂ ગાળવાનો કુલ્લે મુદામાદ ૩૨૨૦૦ -/ના સાથે મળી આવેલ જે રાખવા બદલનુ સદરી આરોપી પાસે પાસ પરમીટ ન હોવાથી પંચનામાં વિગતે કબ્જે કરી તા ૧૬/૧૨/૨૦૧૩ ના કલાક ૨૧/૪૫ વાગે પકડી અટક કરી જરૂરી કાયદેસરની કાર્યવાહી આગળની વધુ તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.